NATIONAL SENIOR CERTIFICATE EXAMINATION
NOVEMBER 2014

# GUJARATI HOME LANGUAGE: PAPER I

Time: 2 hours 70 marks

---

**PLEASE READ THE FOLLOWING INSTRUCTIONS CAREFULLY**

1. This question paper consists of 7 pages. Please check that your question paper is complete.
2. Read the questions carefully.
3. Number your answers exactly as the questions are numbered.
4. It is in your own interest to write legibly and present your work neatly.

---

IEB Copyright © 2014

**પ્રશ્ન-૧ નીચેનો ગદ્ય વાંચી પ્રશ્નોના યોગ્ય જવાબ લખો.**

ભારતના ત્રણ કિનારાઓને પખાળતા મહાસાગરો; ઉપર ઝળૂંબી રહેલો હિમાલય જેને કવિ કાલિદાસે 'દેવતાત્મા' તરીકે સંબોધ્યો છે; સાત પુણ્યનદીઓ: ગંગા, યમુના, ગોદાવરી, સરસ્વતી, નર્મદા, સિંધુ અને કાવેરીના સદાય વહેતા પ્રવાહ: અયોધ્યા, મથુરા, માયા (હરદ્વાર), કાશી, કાંચી, અવંતિકા (ઉજ્જયિની) તથા દ્વારામતી (દ્વારકા) - એ સાત મોક્ષ પુરીઓ; આ બધાં જ આપણી ભૂમિને અને આપણા પ્રજાજનોને અનોખી પવિત્રતા તથા મૂળભૂત એકતાના ભાવથી સભર કરી દે છે.

વસિષ્ઠ, વિશ્વામિત્ર, વ્યાસ અને વાલ્મીકિ જેવા ઋષિઓ અને સંતોથી શરૂ કરી રામકૃષ્ણ પરમહંસ, મહાયોગી શ્રી અરવિંદ, શ્રી રમણ મહર્ષિ, મહાત્મા ગાંધી જેવા આધુનિક યુગના મહામનાઓ સુધીની જે ઉજ્જવળ પરંપરા છે એ આપણાં ધર્મશાસ્ત્રોમાં આલેખાયેલા જીવનના વૈવિધ્યનું અને આપણા પૂર્વજોએ આપેલી પ્રણાલિકા અને સંસ્કૃતિપ્રવાહ સતત વહેતા રહ્યા છે તેનું સમર્થન કરે છે.

ઉત્તરે કૈલાસથી દક્ષિણે કન્યાકુમારી સુધી તથા પશ્ચિમે દ્વારકાથી પૂર્વે કામરૂપ સુધી વિસ્તરેલા આ દેશમાં ઠેરઠેર પ્રાચીન કાળથી પૂજાતાં આવતાં અને હજારો સંતોએ પોતાનાં પુણ્યજીવનથી પવિત્ર કરેલાં ક્ષેત્રો અને તીર્થો પથરાયેલાં છે. વેદકાળથી આજ સુધીમાં અસંખ્ય યાત્રાળુઓએ આ ભારતવર્ષના ચારે ખૂણામાં પથરાયેલાં તીર્થધામોની યાત્રા કરી છે.

IEB Copyright © 2014

ગણેશચતુર્થી, મહાશિવરાત્રી, રામનવમી, જન્માષ્ટમી, દશેરા, દિવાળી વગેરે વિવિધ ઉત્સવો આખાયે ભારતમાં ઊજવવામાં આવે છે. આપણા પૂર્વજોએ તેને રાષ્ટ્રીય પર્વો જ કહ્યા હતા. પ્રત્યેક ઘરમાં એકસરખો ઉત્સવ, ધાર્મિક ઉત્સાહ અને આધ્યાત્મિક તથા ભાવાત્મક એકતાનો ભાવ રહ્યો છે.

આ બધામાં દીપાવલિ બધા તરુણો, વૃદ્ધો, રાજવીઓ, ખેડૂતો વગેરેને માટે એકસરખો શ્રદ્ધાનો અને તેજનો તહેવાર બની રહે છે: એ શહેરો અને ગામડાંઓમાં એકસરખા ઉત્સાહથી ઊજવાય છે.

આ દિવસ સૌને નજીક લાવે છે, પરિવારો વચ્ચેના સંબંધો દૃઢ થાય છે: જ્ઞાતિ, ધર્મ, ભાષા વગેરેના ભેદભાવો વીસરાઈ જાય છે - બધા જ ઉમળકાથી હળેમળે છે. અને આમ સાચા અર્થમાં આ દિવસ કુટુંબ, સમાજ અને રાષ્ટ્રની એકતાનું પર્વ બની રહે છે.

ગુજરાતમાં એ દિવસનું મહત્ત્વ 'આતશ' કાઢી 'લક્ષ્મી'ને વસાવવાનું પણ છે : એ પછીનો દિવસ નવા વરસ તરીકે ઊજવાય છે. આ દિવસે વેપારીઓ લક્ષ્મીપૂજન કરી નવા ચોપડાઓમાં મિતિ માંડે છે.

મહારાષ્ટ્રમાં અને ગુજરાતમાં ભાઈબીજનું એટલું જ મહત્ત્વ છે : બહેનો ભાઈને નિમંત્રે છે અને ભાઈઓ બહેનને મૂલ્યવાન ભેટો આપે છે.

બંગાળમાં ચતુર્દશીના દિવસે મધ્યરાત્રિએ કાળીપૂજા કરવામાં આવે છે. અને તે સાથે જગદ્ધાત્રીની પૂજા પણ થાય છે : આમ સંહારક શકિત અને રક્ષક શકિતનું પૂજન એકસાથે થાય છે.

IEB Copyright © 2014 

**અઘરાં શબ્દો**

| | |
|---|---|
| સમર્થન – સાબિતી | ઉજ્જવળ – અતિશય પ્રકાશિત |
| તરુણો – યુવાનો | વૈવિધ્ય – વિવિધતા |
| આતશ – અગ્નિ, બળતરા | મિતિ – તારીખ, તિથિ, કેલેન્ડર |

૧.૧ સાત પુણ્ય નદીઓનાં નામ આપો. (2)

૧.૨ સાત મોક્ષપુરીઓના નામ આપો. (2)

૧.૩ આ ગદ્યમાં આપેલા સંતોના નામ લખો. (2)

૧.૪ આ ગદ્યમાં આપેલા આધુનિક યુગના મહામનાઓના નામ આપો. (2)

૧.૫ આખાયે ભારતમાં કયા વિવિધ ઉત્સવો ઊજવવામાં આવે છે ? (3)

૧.૬ આ બધામાં દીપાવલિ શાનો તહેવાર છે ? (3)

૧.૭ દીપાવલિ કેવી રીતે કુટુંબ, સમાજ, અને રાષ્ટ્રની એકતાનું પર્વ બની રહે છે ? (3)

૧.૮ બંગાળમાં ચતુર્દશી કેવી રીતે ઉજવાય છે તે જણાવો. (3)

૧.૯ નીચે આપેલી ખાલી જગ્યામાં સાચો જવાબ લખો. (4)

૧.૯.૧ બંગાળમાં ચતુર્દશીના દિવસે મધ્યરાત્રિએ......... કરવામાં આવે છે.

૧.૯.૨ હિમાલય જેને કવિ કાલિદાસે........તરીકે સંબોધ્યો છે.

૧.૯.૩ ગુજરાતમાં એ દિવસનું મહત્વ..........કાઢી.........ને વસાવવાનું પણ છે.

૧.૧૦ નીચે આપેલા શબ્દો માટે સમાનાર્થી શબ્દો લખો.

અ. ઉત્સવ  બ. નજીક  ક. મહાસાગર (3)

૧.૧૧ નીચે આપેલા શબ્દોના વિરોધી શબ્દ લખો.

અ. પ્રાચીન  બ. પુણ્ય  ક. મૂલ્ય (3)

**[30]**

IEB Copyright © 2014

પ્રશ્ન–૨ નીચેનો ફકરો વાંચી તેનો સારાંશ તમારા શબ્દોમાં લખો. (પાંચ થી છ લીટી)

જે છોકરીને આપણે ગભરુ, મુગ્ધા, અને ભોળી સમજીને ઘર બહાર પગ મૂકવા દેતાં પણ ચિંતા અનુભવીએ છીએ; તેવી છોકરી એક આખી યુનિવર્સિટીનું સંચાલન કરી રહી છે. આપણે ત્યાં આવું વાતાવરણ સર્જી શકાશે કે જેમાં આવી છોકરીઓની રક્ષાની ચિંતા ન થાય? કે આવી છોકરીઓ વિશ્વાસપાત્ર વ્યકિત ગણાય? કે આવી છોકરીઓ ઘરમાં પૂરાઇ રહેનારી માત્ર અબળા જ ના ગણાય? પ્રશ્નોના જવાબો ત્રણે પક્ષથી આપવાના છે. સમાજ, મા-બાપ અને ખુદ છોકરીએ. ત્રણે પોત પોતાની ગંભીરતા, વિશ્વસનીયતા અને મક્કમતાનો પરિચય આપી શકે તો ભારતમાં પણ આ શક્ય થઇ શકે. આપણે સ્ત્રીને નખશિખ ઢાંકી રાખવામાં તથા તેને છૂપાવી રાખવામાં ગૌરવ માનીએ છીએ. પણ આમ કરવા જતાં તેના બૌદ્ધિક, શારીરિક અને માનસિક વિકાસને જકડી નાંખીએ છીએ તે ભૂલી જઇએ છીએ. એટલું જ નહિ, તેને પૂર્ણ પરાવલંબી લાચાર બનાવી દઇએ છીએ. પતિના મરતાં જ તેનું અર્થતંત્ર ભાંગી પડે છે, કારણકે બે પૈસા કમાવા જેટલી પણ આવડત આપણે તેને આપી નથી. જીવનભરની ઓશિયાળી થઇને તેને જીવવું પડે છે.

**[10]**

પ્રશ્ન–૩ નીચે આપેલા ચિત્ર પરથી છ થી સાત લીટીમાં તમારા વિચારો લખો.

**[10]**




IEB Copyright © 2014

પ્રશ્ન–૪ નીચેનું ચિત્ર ધ્યાનપૂર્વક જોઇ આપેલા પ્રશ્નોના જવાબ લખો.




૪.૧ આ ચિત્રમાં ટાઇટલ શું છે ? (3)

૪.૨ આ પ્રોડક્ટસ કઇ કંપનીની છે ? (2)

૪.૩ આ પ્રોડક્ટસ શા કામમાં આવે છે ? (3)

૪.૪ આ ચિત્રમાં આપેલ માહિતિ તમારા શબ્દોમાં જણાવો. (5)

૪.૫ આ પ્રોડક્ટસ કોણ વાપરે છે ? (4)

૪.૬ આ પ્રોડક્ટસ ક્યાં વપરાય શાળામાં કે ખાવામાં ? (3)

**[20]**

**Total: 70 marks**

IEB Copyright © 2014